આપણા ભગવદીય વૈષ્ણવો-૧

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
'આચાર્યશ્રીવલ્લભ' હિન્દી માસિકપત્રમાંથી
સાભાર-ઉદ્ધૃત)

લેખક : પ્રો.ગો.વા.શાન્તિલાલ મહેતા-વડોદરા

અનુવાદ : પ્રો.ડૉ.શ્રીરામકૃષ્ણ વ્યાસ-વડોદરા

પ્રકાશક
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
'શ્રીરાધાકૃષ્ણકુંજ' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ, દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦૦૨૦
ફોન : (૦૨૬૫) ૨૩૨૬૮૯૭ સમય : બપોરે ૨-૦૦ થી ૬-૦૦
E-mail : **shreevallabhvitthal@gmail.com**

પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ
(૧)ચુનીભાઈ શાહ, (૨)કૃષ્ણકાન્તભાઈ શાહ, (૩) વિનોદભાઈ શાહ
''શ્રીરાધાકૃષ્ણકુંજ'' બી-૪૧/૧ શ્રીનગર સોસાયટી, એચ રોડ, અકોટા રોડ,
દિનેશ મીલ પાછળ, વડોદરા - ૩૯૦૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૨૬૮૯૭ (બપોરે ૨ થી સાંજના ૬ સુધી)
E-mail : **shreevallabhvitthal@gmail.com**

© સર્વ હક્ક પ્રકાશકને આધીન

પ્રથમ સંસ્કરણ વિ.સં.૨૦૬૬, મે-૨૦૧૦
દ્વિતીય સંસ્કરણ વિ.સં.૨૦૬૮, નવેમ્બર -૨૦૧૧

પ્રત - ૫૦૦

ન્યોછાવર - ૧૦ /- (પોસ્ટેજ અલગથી)

કમ્પ્યુટર ટાઈપ સેટિંગ તથા મુદ્રક :-
વલ્લભ વિઠ્ઠલ કમ્પ્યુટર્સ
૨૯-પરિચય પાર્ક, જે.પી.રોડ પોલીસ સ્ટેશનની પાછળ, દીવાળીપુરા, વડોદરા.
ફોન : (૦૨૬૫) ૨૩૫૧૭૮૧, મો : ૯૮૯૮૧૦૬૪૭૯

અનુક્રમણિકા

પૃષ્ઠ
(૧) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીદામોદરદાસજી હરસાનીજી ૫-૭
(૨) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીકૃષ્ણદાસ મેઘન ૮-૧૧
(૩) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીમાધવભટ્ટ કાશ્મીરી ૧૨-૧૫
(૪) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીગદાધરદાસજી ૧૬-૧૮
(૫) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીરામદાસજી ૧૯-૨૧
(૬) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીદિનકરદાસજી શેઠ ૨૨-૨૫
(૭) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીગજ્જન ધાવન ૨૬-૨૭

બે શબ્દ

શ્રીમહાપ્રભુ, શ્રીપ્રભુચરણ, શ્રીગોવર્દ્ધનધરણની અસીમ કૃપાથી 'આપણા પ્રતાપી મહાનુભાવો' પુસ્તિકા કે જેમાં આ સમ્પ્રદાયના પ્રતાપી આચાર્યોનો સંક્ષિપ્તમાં પરિચય આપવામાં આવ્યો છે તે પુસ્તિકા બાળકોના અધ્યયન માટે દ્વિતીય આવૃત્તિના રૂપમાં પ્રકાશિત થઈ રહી છે તેથી હું ખૂબ જ આનન્દ અનુભવું છું.

વર્ષ ૮ થી ૧૨, વર્ષ ૧૩ થી ૧૮, વર્ષ ૧૯ થી ૨૫ અને વર્ષ ૨૬ થી ૪૫ની વયના બાળકો/યુવાનો માટેની પ્રશિક્ષણ શિબિર પૂજનીયા શ્રીજીજી (પૂ.ગો.શ્રીઈન્દિરાબેટીજી) દ્વારા પ્રસ્થાપિત શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા વડોદરા મુકામે (૨૪ મે થી ૩૦ મે ૨૦૧૦) યોજવાનું નક્કી કરવામાં આવ્યું. તેમાં ઉપસ્થિત થનારા શિબિરાર્થીઓને પ્રશિક્ષણ અર્થે સરળ ભાષામાં અધ્યયનપુસ્તિકા અપેક્ષિત હતી તેથી આનું પ્રકાશન શીઘ્રતાથી લેવાનું નક્કી કરવામાં આવ્યું અને તે આજે મૂર્તરૂપમાં પ્રકટ થઈ રહ્યું છે.

આજથી ૧૦ થી ૧૬ વર્ષ પૂર્વના સમયમાં અમારા દ્વારા સમ્પાદિત અને શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ દ્વારા પ્રકાશિત 'આચાર્ય શ્રીવલ્લભ' ગુજરાતી માસિકપત્રમાં સ્તમ્ભરૂપે આ વિષય આપવામાં આવતો હતો અને તેનું લેખન અમદાવાદના શ્રીકાન્તિલાલ ગાંધી દ્વારા કરવામાં આવતું હતું. તે અંકોમાંથી ઉદ્ધૃત કરીને તે પૈકીના કેટલાક આચાર્યોના પરિચયો આ પુસ્તિકામાં આપવામાં આવ્યા છે.

આ પ્રકાશનનાં કાર્યમાં વડોદરાના એક વૈષ્ણવે (પોતાનું નામ નહીં જાહેર કરવાની સૂચના સાથે) ઉદારતાથી શ્રીમહાપ્રભુજીની વાણીની સેવામાં દ્રવ્યવિનિમય કર્યો છે તે બદલ તેમને અનેકશઃ ધન્યવાદો

ગુજરાતી વિ.સં.૨૦૬૮,
કાર્તક વદ-૧૧, સોમવાર
૨૦-૧૧-૧૧-વડોદરા.

ગોસ્વામી ચન્દ્રગોપાલ
વડોદરા.

આપણા ભગવદીય વૈષ્ણવો

(શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ સંચાલિત
'આચાર્યશ્રીવલ્લભ' હિન્દી માસિકપત્રમાંથી
સાભાર-ઉદ્ધૃત)

લેખક : પ્રો.ગો.વા.શાન્તિલાલ મહેતા-વડોદરા

અનુવાદ : પ્રો.ડો.શ્રીરામકૃષ્ણ વ્યાસ-વડોદરા

(૧) શ્રીમહાપ્રભુજીના સેવક

શ્રીદામોદરદાસજી હરસાનીજી

(ગુરુદેવના શ્રીમુખથી સાંભળેલાં વચનો જ ફળે છે.)

શ્રાવણ સુદ એકાદશીની રાત્રે પૃથ્વી પર વિચરતાં શ્રીવલ્લભ પોતાના શિષ્યો સાથે ગોકુળ પાસે વહેતી શ્રીયમુનાજીના ઘાટ પર આવી વિશ્રામ કર્યો. એક ધાબળા પર તેઓ સૂતા હતા. પાસે અનન્ય સેવક શ્રીદામોદરદાસજી વિશ્રામ કરતા હતા. ચોતરફ નૈસર્ગિક સૌન્દર્ય ફેલાયેલું હતું અને શાન્તિ છવાઈ હતી. પરોપકારાર્થ પૃથ્વી પર પ્રગટ થયેલા શ્રીવલ્લભ મનમાં વિચારતા હતા : મારા સ્વામી શ્રીનાથજીની આજ્ઞાથી દૈવી જીવોના ઉદ્ધાર માટે હું આવ્યો છું. પૃથ્વી પર વિચરણ કરતાં મેં અનેક દૈવી જીવો જોયા છે, જે અવિદ્યાને કારણે પોતાના સ્વરૂપને ભૂલી ગયા છે. અહંતા મમતાને વશીભૂત થઈ તેઓ મિથ્યા, કલ્પિત સંસારમાં આસક્ત થઈ ગયા છે. સ્વામીની આજ્ઞા છે : એમનો ઉદ્ધાર કરો, એમને પોતાના સ્વરૂપનું જ્ઞાન કરાવો. અવિદ્યાથી મારા સ્વામીથી એમનો સંબંધ વિચ્છેદ થયો છે. મારે ફરીથી એ સંબંધ જોડવો છે અને હું જોડી શકું એમ છું. પણ એમાં બાધા એ છે કે શ્રીકૃષ્ણ નિર્દોષ છે અને આ દૈવી જીવો અનેક દોષોવાળા છે. નિર્દોષ-સદોષનો સંબંધ શી રીતે જોડી શકાય ? શ્રીવલ્લભને આમ ચિંતિત જોયા પ્રભુ એમની સમક્ષ પ્રગટ થયા અને શ્રીમુખથી શ્રીવલ્લભને બ્રહ્મસંબંધનો મંત્ર આપી આદેશ આપ્યો : બ્રહ્મસંબંધ કરાવવાથી સર્વ જીવોના દોષો નિવૃત્ત થઈ જશે. શ્રીવલ્લભ કૃપાપૂર્ણ ભગવદાદેશ સાંભળી ચિન્તામુક્ત બન્યા. પ્રસન્નચિત્ત શ્રીવલ્લભે જાગતા પોતાના સેવક દામોદરદાસને પૂછ્યું : 'દમલા, કંઈ સાંભળ્યું ? હાથ જોડી એમણે કહ્યું : હા, મહારાજ, શ્રીઠાકોરજીનાં વચન સાંભળ્યાં તો ખરાં, પણ સમજી શક્યો નથી.' દામોદરદાસ સામાન્ય જીવ ન હતા, પણ શ્રેષ્ઠ નિત્યલીલાના જીવ હતા. શ્રીવલ્લભ સ્વામિની સ્વરૂપ હતા, તો દામોદરદાસ એમની શ્રીલલિતાજી સ્વરૂપ હતા. છતાં તેઓ પ્રભુની સરળ વાત કેમ ન સમજી શક્યા ? એની પાછળ ગુરુ શિષ્ય પરંપરાનું ગૂઢ રહસ્ય છુપાયેલું છે કે પ્રભુનાં વચનોનો વાચ્યાર્થ તો તેઓ સમજ્યા હતા, પણ ગૂઢાર્થ સમજી શક્યા ન હતા, જે ગુરુના સમજાવવાથી જ સમજી શકાય. તાત્પર્ય એ છે કે ગુરુ વિના જ્ઞાન ફળતું નથી. પુસ્તક વાંચવાથી કે કોઈના કહેવાથી જ્ઞાન મળતું નથી, જ્ઞાનાભાસ મળે છે. ગુરુના ઉપદેશથી જ્ઞાન હૃદયમાં સ્થિર થાય છે, ગુરુવચન જ ફળે છે.

આ વાત એમના જીવનના એક અન્ય પ્રસંગથી સ્પષ્ટ થાય છે. દામોદરદાસજીના પિતાના શ્રાદ્ધનો દિવસ હતો. સ્વયં શ્રીગુસાંઈજીએ વિધિવત્ શ્રાદ્ધ કરાવ્યું અને ગુરુદક્ષિણા માગી. દામોદરદાસે અદ્ભુત દક્ષિણા આપતાં સિદ્ધાન્ત રહસ્ય ના દોઢ શ્લોકનું વ્યાખ્યાન કર્યું. એનું રહસ્ય એ છે કે શ્રીગુસાંઈજી પાસેથી બ્રહ્મસંબંધનું રહસ્ય સમજી, હૃદયમાં સ્થિર કરી, એમને જ સંભળાવવાથી એ ફલિત થયું. વસ્તુતઃ દોઢ શ્લોકની વ્યાખ્યા દામોદરદાસે નહીં, એમના મુખથી એમના ગુરુદેવ શ્રીગુસાંઈજીના પિતા શ્રીમદાચાર્યચરણ બોલી રહ્યા હતા.

યમુનાઘાટ પર શ્રીગોવર્ધનધારીના આદેશથી શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ પ્રવર્તન કર્યું. પહેલાં પણ તેઓ સેવકોની સેવા સ્વીકારતા હતા પણ એમને પુષ્ટિમાર્ગમાં દીક્ષિત કરતા ન હતા. ભગવદાદેશ પછી એમણે દૈવી જીવોને પુષ્ટિમાર્ગ બતાવ્યો. શ્રીદામોદરદાસજી પુષ્ટિમાર્ગના પ્રથમ યાત્રી બન્યા. એમણે કહ્યું હતું. : 'દમલા, આ માર્ગ મેં તારા માટે પ્રગટ કર્યો છે,' એ બિલકુલ સત્ય છે. તેઓ સર્વ વલ્લભીય વૈષ્ણવોના પ્રતિનિધિ છે.

* * *

(૨) શ્રીમહાપ્રભુજીના સેવક

શ્રીકૃષ્ણદાસ મેઘન

(ભરોસો દઢ ઈન ચરનન કેરો)

જ્યાં સુધી શ્રીમદાચાર્યચરણમાં દઢ ગુરુભાવ થતો નથી, ત્યાં સુધી તેઓ અદેયદાનદક્ષ હોવા છતાં પોતાના સેવકને અલૌકિક દાન દેતા નથી. એમને શરણે ગયેલો કોઈ પુષ્ટિજીવ અન્ય કોઈને ગુરુ માની શકતો નથી. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના એક જ સદ્‌ગુરુદેવ શ્રીમદ્ વલ્લભાચાર્યજી જ છે. માટે દરેક પુષ્ટિજીવે ભક્તરાજ શ્રીસૂરદાસજીના આ પદને ચરિતાર્થ કરવું જોઈએ.

સોરમજીના નિવાસી કૃષ્ણદાસ મેઘન પરમ ભગવદીય તથા શ્રીઆચાર્યજીના અનન્ય સેવક હતા. મહાપ્રભુજી શ્રીસ્વામિની સ્વરૂપ છે, તો કૃષ્ણદાસ વિશાખા સખી સ્વરૂપ છે. વિશાખા સખી શ્રીસ્વામિનીજીની છાયા છે અને સતત એમની સાથે રહે છે. તેથી બંનેનું પ્રાગટ્ય પૃથ્વી પર એક સાથે થયું. તેથી કૃષ્ણદાસ સદૈવ શ્રીમહાપ્રભુજીની છાયા બનીને સાથે રહેતા હતા. શ્રીમહાપ્રભુજીના ત્રણવારના પૃથ્વી વિચરણ દરમ્યાન દુર્ગમ સ્થાનોમાં પણ સાથે રહ્યા. આવા અનન્ય સેવક હોવા છતાં શ્રીમહાપ્રભુજીના શરણે આવતાં પહેલાં એમના અગાઉના ગુરુદેવમાં ગુરુભાવ રહી ગયો હતો. આવા અનેક દોષોથી પોતાના સેવકને મુક્ત કરવાનું સામર્થ્ય હોવા છતાં શ્રીમહાપ્રભુજીએ ત્રણ વખત આ એક દોષની નિવૃત્તિ કરી ન હતી. છેવટે આચાર્યશ્રીના સ્વરૂપના સ્વાનુભવ પછી તેઓ એ દોષથી મુક્ત થયા અને પોતાના લીલા સ્વરૂપને પણ સમજ્યા.

પ્રથમ ભારત પરિક્રમા દરમ્યાન આચાર્યશ્રી બદ્રીનાથ પધાર્યા, જ્યાં પરલી અને કિરણી નામનાં બે ગિરિ શિખર છે. ત્યાંથી પાછા ફરતી વખતે

શિખરથી એક મોટી શિલા સરકતી આવી રહી હતી, એને કૃષ્ણદાસે પોતાના હાથથી રોકી. પ્રસન્ન થયેલા શ્રીઆચાર્યશ્રીએ કૃષ્ણદાસને વર માગવા જણાવ્યું. કૃષ્ણદાસે પોતાના મનની સૂક્ષ્મવાસના મુજબ ત્રણ વર માગ્યા.(૧) મને માર્ગના સિદ્ધાન્તો હૃદયારૂઢ થાય, (૨) મારી વાચાળતા દૂર થાય, અને (૩) આપ મારા ગુરુને ઘેર પધારી એમનો અંગીકાર કરો. ભાવપ્રકાશ પ્રમાણે શ્રીગુરુદેવે પહેલા બે વર આપ્યા છતાં કૃષ્ણદાસને સિદ્ધાન્ત જ્ઞાન ન થયું કે વાચાળતા પણ દૂર ન થઈ, અને સામર્થ્ય ઓછું થયું.

એકવાર શ્રીઆચાર્યજી વ્યાસગુફામાં પ્રવેશ્યા, જેમાં સાધારણ જીવ પ્રવેશી શકતો નથી. માટે એમણે કૃષ્ણદાસને બહાર રોકવા કહ્યું અને સ્વયં ગુફામાં શ્રીવ્યાસજી સમક્ષ ત્રણ દિવસ સુધી 'વામબાહુકૃતવામકપોલો' શ્લોકની વ્યાખ્યા કરી. પાછા ફર્યા ત્યારે કૃષ્ણદાસ ત્યાં જ ઊભા હતા. ગુરુદેવે પૂછ્યું તો બોલ્યા : મહારાજ, હું ક્યાં જાઉં : મારે તો આપનાં ચરણાવિન્દ સિવાય અન્ય કોઈ આશ્રય નથી. પ્રસન્ન થયેલા ગુરુદેવે વર માંગવાનું કહેતાં કૃષ્ણદાસે એ જ ત્રણ વર માગ્યા, જે પહેલાં માગ્યા હતા. શ્રીમહાપ્રભુજીએ પહેલા બે વર આપ્યા અને ત્રીજો આપવાની ના પાડી. કૃષ્ણદાસ આમ અલૌકિક ફળ પ્રાપ્તિથી વંચિત રહ્યા.

એક વખત શ્રીઆચાર્યજી સેવકો સાથે ગંગાસાગર પધાર્યા. વિશ્રામ કરી રહેલા ગુરુદેવના પગ કૃષ્ણદાસ દબાવતા હતા, ત્યારે એમને મમરા ખાવાની ઈચ્છા થઈ. કૃષ્ણદાસ એ જાણી ગયા. પછી જ્યારે ગુરુદેવ નિદ્રાધીન થયા, તો કૃષ્ણદાસે સામેના કિનારે દીવો બળતો જોતાં, અન્ય સાધન ન મળતાં અંધારામાં તરીને સામેના કિનારે પહોંચ્યા. ત્યાં નાનું ગામ હતું. ત્યાંના એક ખેડૂત પાસે નવી ડાંગરમાંથી મમરા તૈયાર કરાવ્યા અને પાછા આવીને ચુપચાપ ગુરુદેવનાં ચરણો પાસે બેસી ગયા અને દબાવવા લાગ્યા તો તેઓ જાગી ગયા અને મમરા જોતાં પ્રસન્ન થયા. કૃષ્ણદાસ પાસેથી

હકીકત જાણતાં વર માગવા કહ્યું. કૃષ્ણદાસે ફરીથી એ જ વર માગ્યા. ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું - મર્યાદિત શક્તિવાળો જીવ એની ગતિ મુજબ વર માગે છે. આ વખતે તેં માગ્યું હોત તો હું તને શ્રીઠાકોરજીનાં દર્શન પણ કરાવત.

ત્યાંથી તેઓ કૃષ્ણદાસના ગામ સોરમજી પધાર્યા. એમના પહેલા ગુરુ પણ ત્યાંના જ રહેવાસી હતા. પોતાના ગામે આવતાં કૃષ્ણદાસના હૃદયમાં ગુરુભાવ જાગ્યો અને આચાર્યશ્રીને વિનંતિ કરી કે આપની આજ્ઞા હોય, તો હું મારા ગુરુને આપની પાસે લઈ આવું. સર્વજ્ઞ શ્રીવલ્લભે કહ્યું: તું તારા ગુરુને લાવી શકીશ નહીં, છતાં જા અને શક્ય હોય તો લઈ આવ. આજ્ઞા મળતાં કૃષ્ણદાસ પોતાના ગુરુ પાસે પહોંચ્યા. એમને જોતાં ગુરુ બોલ્યાઃ કૃષ્ણદાસ તેં બીજા ગુરુ કર્યા છે ને ? કૃષ્ણદાસે કહ્યું : ના, મહારાજ, મારા ગુરુદેવ તો આપ જ છો. આપની કૃપાથી મને શ્રીવલ્લભ જેવા પૂર્ણ પુરુષોત્તમ મળ્યા છે. એની સાબિતી માગતાં કૃષ્ણદાસે સગડીમાંથી અંગારા હાથમાં લઈ એક પ્રહર સુધી ઊભા રહ્યા. એ જોઈ એમના ગુરુ ડરી ગયા. અંગારા નાખી દેવડાવી શ્રીવલ્લભને મળવાની ના કહી. હવે કૃષ્ણદાસના હૃદયની પ્રથમ ગુરુની વાસના દૂર થઈ ગઈ. શ્રીવલ્લભ સ્વયં અગ્નિ કે અગ્નિકુમાર છે, એ સત્ય પ્રત્યક્ષ થતાં કૃષ્ણદાસની વાસના નષ્ટ થઈ, અન્યાશ્રય દૂર થયો અને મહાપ્રભુજી પાસે આવતાં ત્રણે વરદાન ફળ્યાં. સિદ્ધાન્ત જ્ઞાન હૃદયારૂઢ થયું, મુખરતા ચાલી ગઈ, તેથી કંઈ શેષ ન રહેતાં ત્યારપછી શ્રીમહાપ્રભુજી પાસેથી કંઈ માગ્યું નહીં.

સર્વસિદ્ધાન્ત જ્ઞાન થતાં કૃષ્ણદાસ કેટલીક ગૂઢ વાતો પણ વૈષ્ણવોને કહેતા. એક સેવકે આ વિષે શ્રીઆચાર્યજીને ફરિયાદ કરી તો એમણે કૃષ્ણદાસને કહ્યું : કૃષ્ણદાસ, તું ગોપનીય વાતો કેમ પ્રગટ કરે છે ? કૃષ્ણદાસે પોતે કઈ ગોપ્ય વાત કહી એ જણાવવા કહેતાં પેલો સેવક બોલ્યો : એમણે કંઈક કહ્યું હતું, પણ મને અત્યારે એ યાદ નથી. એ સાંભળી આચાર્યશ્રી

હસ્યા. એક દિવસ કૃષ્ણદાસે આચાર્યશ્રીને પૂછ્યું : મહારાજ, ભગવાન શ્રીરામ પોતાની સાથે અયોધ્યાના સર્વ જીવોને સાથે લઈ સ્વધામ સિધાવ્યા હતા, તો પોતાના પિતા દશરથને ફક્ત સ્વર્ગ કેમ આપ્યું ? આચાર્યશ્રીએ કહ્યું : શ્રીરામ તો પરમદયાળુ છે, તેથી પિતાને સ્વર્ગ આપ્યું, પણ દશરથ તો એ માટે પણ યોગ્ય ન હતા. એમણે પોતાનાં વચનને સત્ય કરવા પ્રભુને વનમાં મોકલ્યા હતા. ભાવપ્રકાશ કહે છે : જે જીવ સ્વધર્મપાલનના બહાને શ્રીઠાકોરજીને કષ્ટ પહોંચાડે એ ગમે એટલો પવિત્ર હોય, તો પણ એને સ્વર્ગ જ મળે, શ્રીઠાકોરજીના સ્વરૂપનું દર્શન પ્રાપ્ત ન થાય.

આવા પરમ ભગવદીય તથા આચાર્યશ્રીના અનન્ય સેવક કૃષ્ણદાસને વંદન.

* * *

(૩) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીમાધવભટ્ટ કાશ્મીરી

(પુષ્ટિજીવોનો એકમાત્ર ધર્મ શ્રીકૃષ્ણસેવા)

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે : પુષ્ટિજીવનો એકમાત્ર ધર્મ ભગવત્સેવા છે. ચિત્ત ભગવત્પ્રવણ બને એ સેવા છે અને સદા શ્રીકૃષ્ણસેવા કરવી જોઈએ. આ આજ્ઞાઓનો સાર એ છે કે બધા વલ્લભીય વૈષ્ણવોનો એકમાત્ર ધર્મ સેવા છે. પ્રભુસેવા આત્માનો ધર્મ છે પણ પુષ્ટિજીવોએ દેહમાં રહી અન્યદેહધારી જીવો સાથે સંબંધ પણ રાખવો પડે છે. તેથી દયા, અહિંસા વગેરે કેટલાક દેહધર્મો પણ પાળવા પડે છે. આવા લૌકિક ધર્મો પાત્રની યોગ્યતા વગેરે વિચારીને પાળવા જોઈએ, નહીં તો પરિણામ ઊલટું પણ આવી શકે છે અવિચારથી કરેલા દેહધર્મોનું પાલન ક્યારેક પ્રભુ સેવારૂપ આત્મધર્મના માર્ગમાં બાધા બને છે.

માધવભટ્ટ કાશ્મીરના નિવાસી હતા તેથી માધવભટ્ટ કાશ્મીરી નામથી પ્રસિદ્ધ હતા. એમનો જન્મ એક ધર્મનિષ્ઠ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. શાસ્ત્રોનાં અધ્યયન મનનથી તેઓ મોટા વિદ્વાન બની ગયા હતા, છતાં એનું જરા પણ અભિમાન એમનામાં ન હતું. એ સમયે કેશવ ભટ્ટ નામના એક ભાગવતના કથાકાર પણ વિદ્યમાન હતા. માધવભટ્ટ એમના સેવક બન્યા.

એક વખતે એ બંને શ્રીઆચાર્યજીને મળવા ગયા. ત્યારે શ્રીમહાપ્રભુજી ભાગવત સુબોધિનીજીની કથા સંભળાવતા હતા, એ સાંભળવા એ બે વિદ્વાનો બેઠા. બંનેના શ્રવણમાં ફરક હતો. કથાકાર કેશવ ભટ્ટ પોતાને આચાર્યજીની સમકક્ષ માનતા હતા. જ્યારે નિરહંકાર માધવભટ્ટ દાસભાવથી કથા સાંભળતા હતા, અને સાંભળ્યા પછી અન્ય સેવકો સાથે એની ચર્ચા પણ કરતા હતા. એ જોઈને માધવભટ્ટે એમને કહ્યું : માધવ, આચાર્યશ્રી અને હું બંને કથા કહીએ છીએ. તું આચાર્યશ્રીની કથા ધ્યાનથી સાંભળી, અન્ય સેવકો સાથે એની ચર્ચા પણ કરે છે. જ્યારે મારી કથામાં તારું મન લાગતું નથી, એવું કેમ ? 'માધવભટ્ટે કહ્યું : આપની કથા કરતાં

શ્રીઆચાર્યજીની કથાથી મને અધિક બોધ અને આનંદ મળે છે, સેવકો સાથે ચર્ચામાં પણ એમ બને છે, તેથી હું આપની કથા સાંભળતો નથી. એ સાંભળીને કેશવ ભટ્ટને લાગ્યું કે હવે આ મારો સેવક મારા કામનો નથી. માટે એને હું એને શ્રીઆચાર્ય પાસે છોડી દઉં. ઘેર જતી વખતે કેશવ ભટ્ટે આચાર્યશ્રીને કહ્યું : મેં આપની કથા સાંભળી છે, એમાં મારા આ સેવકનું મન લાગ્યું છે તેથી હું આપને એને ભેટ તરીકે અર્પણ કરું છું. આપ એને શરણમાં રાખી આપનો સેવક બનાવો. એ વિદ્વાન્ છે, તેથી આપને ઉપયોગી બનશે. એમ કહી તેઓ કાશ્મીર ચાલ્યા ગયા.

એક વૈષ્ણવે શ્રીઆચાર્યજીને પૂછ્યું : મહારાજ, માધવભટ્ટ અને કેશવ ભટ્ટ બંનેએ આપના શ્રીમુખથી કથા સાંભળી છે. માધવભટ્ટને જ્ઞાન થયું અને કેશવ ભટ્ટ કોરા કેમ રહી ગયા ? શ્રીઆચાર્યશ્રીએ કહ્યું :- કેશવ ભટ્ટે બરાબરીના દાવાથી કથા સાંભળી તેથી તેઓ કોરા રહી ગયા અને માધવભટ્ટે દાસભાવથી કથા સાંભળી, તેથી તેઓ ભક્તિભાવવાળા બન્યા. કથાના શ્રોતાએ વક્તા તરફ જિજ્ઞાસા અને આદર ભાવ રાખવો જોઈએ.

ત્યારપછી શ્રીઆચાર્યજીએ માધવભટ્ટને નામનિવેદન કરાવ્યું, બ્રહ્મસંબંધ આપ્યો અને વંશપરંપરા પ્રાપ્ત એમના સેવ્ય સ્વરૂપને પંચામૃતથી સ્નાન કરાવી એમના મસ્તક પર પધરાવ્યું. ત્યારથી માધવભટ્ટ પોતાના સેવ્ય ઠાકોરજીની પુષ્ટિ રીતિથી સેવા કરવા લાગ્યા. કેટલાક સમય પછી તેઓ પોતાના સેવ્ય ઠાકોરજી સાથે કાશ્મીર ગયા અને એમની સેવા કરવા લાગ્યા. એમના ગામના એક ધનવાન ગૃહસ્થનો એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો, તેથી એ શોકમગ્ન બની વિલાપ કરવા લાગ્યો. એક વૈષ્ણવે એને પરમ ભગવદીય માધવભટ્ટ પાસે જવાની સલાહ આપી. એ ત્યાં જઈ એમનાં ચરણોનો સ્પર્શ કરી, પોતાના પુત્રને જીવિત કરવા પ્રાર્થના કરવા લાગ્યો. એની દયનીય દશા જોઈ માધવભટ્ટે એક શ્લોક લખી પોતાના ઠાકોરજી સમક્ષ મૂક્યો- 'પ્રભો, આપ નિરાધાર પર દયા કરો છો, દુઃખી લોકો પર દયા કરવી એ આપનો સ્વભાવ છે. આપ દયાળુ છો અને સર્વજીવોનો ઉદ્ધાર કરવા સમર્થ છો.

બધાં શાસ્ત્રો આપની દયાના ગુણ ગાય છે. દયા કરવામાં જ આપની શોભા છે. માટે આપ આ દુઃખી ગૃહસ્થ પર કૃપા કરો. શ્લોક વાંચી શ્રીઠાકોરજીએ હસીને કહ્યું : માધવ, તમે દયાધર્મનું પાલન કરવા સમર્થ છો, તમે 'તારો પુત્ર જીવિત થશે' એટલું કહેશો તો એમ થશે.

શ્રીઠાકોરજીનાં વચન સાંભળી માધવભટ્ટએ ગૃહસ્થને કહ્યું : તમારો પુત્ર જીવિત થશે. તરત જ કોઈએ સમાચાર આપ્યા કે એ પુત્ર જીવિત થયો છે. ગૃહસ્થ ખુશ થયો, અને એમને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પોતાના ઘેર ગયો.

આખા ગામમાં આ વાત ફેલાઈ ગઈ. તેથી અનેક લોકો પોતાનાં દુઃખ દૂર કરવા આવવા લાગ્યા. માધવભટ્ટને થયું કે એમનો દેહધર્મ-દયા-એમના આત્મધર્મ-ભગવત્સેવાના માર્ગમાં બાધા બની રહ્યો છે, હવે એમને સેવાનો સમય મળતો નથી. તેઓ સમજી ગયા કે પોતાની સર્વજ્ઞતા અને સર્વશક્તિમત્તાથી ઠાકોરજી જે કામ કરવા માગતા ન હતા, એ એમણે પોતાના અજ્ઞાન અને અસમર્થતાથી કર્યું, જેનું પરિણામ તેઓ ભોગવી રહ્યા છે. પણ એ સમર્થ પુષ્ટિજીવ હતા, તેથી તરત પોતાને સંભાળી લીધા. એક દિવસ રાત્રે ઠાકોરજીને ઝાંપીમાં પધરાવીને ગામ છોડી અડેલ પહોંચી શ્રીઆચાર્યશ્રી પાસે રહેવા લાગ્યા. માધવભટ્ટ લેખનકાર્યમાં કુશળ હતા તેથી શ્રીમહાપ્રભુજીએ એમની પાસે સુબોધિનીજી લખવાનું કામ કરાવ્યું. પોતે બોલતા અને ભટ્ટજી લખતા. આમ લેખનકાર્ય સુચારુરૂપે ચાલવા લાગ્યું. ભટ્ટજી સમજુ હતા તેથી જે શ્લોકનો અર્થ પોતે શ્રીઆચાર્યજી પાસેથી બરાબર સમજી ન લેતા, એ લખતા નહીં. લેખનકાર્ય શ્રીમહાપ્રભુજીના વિચરણ દરમ્યાન પણ ચાલતું. ગંગાસાગર, મધુવન વગેરે સ્થાનોમાં લખાણ થયું. એક દિવસ એક સ્થાનમાં રાત્રે તેઓ લઘુશંકા કરવા બેઠા, તો ચોરોએ એમને તીર માર્યું. એ વાગતાં જ ભગવત્સ્મરણ કરતાં ભટ્ટજીએ દેહત્યાગ કર્યો. ત્યાં લેખનકાર્ય અટકી ગયું, કદાચ એવી ઈશ્વરેચ્છા હશે. આવા પરમ ભગવદીય તથા શ્રીમહાપ્રભુજીના અનન્ય સેવક શ્રીમાધવભટ્ટ કાશ્મીરીને સદા વંદન હજો.

(૪) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીગદાધરદાસજી

(વ્યાવૃત્ત બનીને પણ ચિત્તને સદા પ્રભુમાં જોડવું)

કડાના શ્રીગદાધરદાસ કપિલ શ્રીમહાપ્રભુજીની આ આજ્ઞાનું દૃઢતાથી પાલન કરનારા, એમના અનન્ય સેવક અને સાચા વૈષ્ણવ હતા.

એક વખત એ પોતાના શ્રદ્ધારહિત કાકા સાથે પ્રયાગ ગયા હતા, જ્યાં આચાર્યશ્રી બિરાજતા હતા. ગદાધરે એમનું શરણ સ્વીકાર્યું અને એમણે એમને બ્રહ્મસંબંધ આપ્યો. ગદાધરે પોતાના કાકા પાસેથી શ્રીઠાકોરજીનું સ્વરૂપ માગી લીધું. શ્રીમહાપ્રભુજીએ એ ગૌર સ્વરૂપને પંચામૃતથી નવડાવી, શ્રીમદનમોહન નામ આપ્યું અને ગદાધરને એની સેવાનો આદેશ આપતાં શ્રીભક્તિવર્ધિનીના આ શ્લોકનો અર્થ સમજાવ્યો અને અવ્યાવૃત્ત બની સેવા કરવાની આજ્ઞા આપી. એ શક્ય ન હોય, તો વ્યાવૃત્ત બનીને પણ પોતાના ચિત્તને સદા પ્રભુમાં જોડેલું રાખવું. ગદાધરે સંકલ્પ કર્યો કે પોતે અવ્યાવૃત્ત બનીને પ્રભુ કૃપાથી જે આવી મળે એનાથી નિર્વાહ કરતાં સેવા કરશે. ગદાધર ઘેર પાછા આવ્યા. માબાપ દેવલોક પામ્યાં હતાં. લગ્ન થયું ન હતું. એમની ઉંમર ત્રીસ વર્ષની હતી. ઘરની સફાઈ કરી એમાં રહીને પૂર્ણ પ્રેમથી શ્રીઠાકોરજીની સેવા કરવા લાગ્યા. એ બ્રાહ્મણ હતા પ્રભુકૃપાથી જે આવી મળે એ પ્રભુને અર્પણ કરતા. અનાવશ્યક સંગ્રહ ન કરતા. ત્યાગવૃત્તિપૂર્વક સેવા કરતા.

એક દિવસ ઘરમાં કંઈ ન હતું અને કંઈ મળ્યું પણ નહીં, તેથી ઠાકોરજીને મંગલા, શ્રૃંગાર, રાજભોગ અને ઉત્થાપન અને શયન વખતે ફક્ત જળનું નૈવેદ્ય અર્પણ કરી પોતે પણ જલપાન જ કર્યું, પણ એનું એમને દુઃખ ન થયું. ફક્ત પ્રભુને ભૂખ્યા રહેવું પડ્યું એની વ્યથા ખૂબ થઈ. રાત્રે નિદ્રા ન આવી. દોઢ પ્રહર રાત્રિ વીત્યા પછી એક યજમાને ચાર રૂપિયા અને વસ્ત્ર વગેરે આપ્યાં. ગદાધરને શાન્તિ થઈ. સામગ્રી તૈયાર કરવાનો સમય ન હોવાથી એક હલવાઈની દુકાનેથી એક રૂપિયાની તાજી જલેબી લાવી શ્રીઠાકોરજીને ધરાવી તથા અન્ય વૈષ્ણવને જમાડ્યા. પોતે કંઈ ખાધું નહીં. તેઓ શાન્તિથી સૂઈ ગયા. બીજે દિવસે ત્રણ રૂપિયાની સામગ્રી સિદ્ધ કરી ઠાકોરજીને ભોગ ધર્યો અને વૈષ્ણવો સાથે પોતે પણ પ્રસાદ લીધો. વૈષ્ણવોએ કહ્યું કે રાત્રે આપે જે પ્રસાદ આપ્યો હતો, એમાં અલૌકિક સ્વાદ હતો, ત્યારે ગદાધર કંઈ ન બોલ્યા.

એક દિવસ ગદાધરદાસે અનેક વૈષ્ણવોને મહાપ્રસાદ લેવા માટે આમંત્રિત કર્યા હતા. સામગ્રી સિદ્ધ થઈ રહી હતી પણ શાકભાજી ન હતા. એમણે કહ્યું કોઈ વૈષ્ણવ શાક લાવી શકે એમ છે ? તો જેમના ઘરમાં વેશ્યા હતી એવા માધવદાસે કહ્યું : આપ આજ્ઞા કરો તો હું લઈ આવું ? પૂછવાનો આશય હતો કે મારા ઘરમાં વેશ્યા છે. મારી લાવેલી ભાજી શ્રીઠાકોરજીના ભોગ માટે ચાલશે ? ગદાધરદાસના હૃદયમાં દોષદષ્ટિ ન હતી, તેથી એમણે કહ્યું, ‘લઈ આવો’. માધવદાસ પોતાના ઘરેથી બથુઆની ભાજી લઈ આવ્યા. સામગ્રી સિદ્ધ થતાં શ્રીઠાકોરજીને ભોગ ધરાવ્યો અને બધા વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધો. પ્રસાદના બધાં વ્યંજન સારાં હતાં. પણ વૈષ્ણવોને ભાજી અધિક રુચિકર લાગી. ત્યારે ગદાધરદાસે માધવદાસને કહ્યું : માધવદાસ, તમારી ભાજી ઠાકોરજીએ પ્રેમથી આરોગી છે, કારણ કે સૌને એમાં અલૌકિક સ્વાદ લાગ્યો છે. પછી એમને આશીર્વાદ આપતાં કહ્યું : તમને દૃઢ પ્રભુ ભક્તિ પ્રાપ્ત થશે અને તમે મહાન વૈષ્ણવ બનશો. એમના આશીર્વાદથી માધવદાસ સાચા વૈષ્ણવ બન્યા.

એક દિવસ એક વણઝારો બળદ અને વાછરડાં ખરીદવા માટે ગામમાં આવ્યો. ગદાધરદાસના સગાઓ એમની ઈર્ષ્યા કરતા હતા, એમણે એ વણઝારાને કહ્યું : તું ભક્ત ગદાધરદાસ પાસે જા, તેઓ એમનો વેપાર પણ કરે છે. પણ તેઓ એ માનશે નહીં, માટેએમની પાસે પૈસા મૂકી દઈ કહેજે કે કાલે આવીને બળદ લઈ જઈશ, તો તેઓ મંગાવી આપશે.

વણઝારો એમની પાસે ગયો અને એમની પાસે સો રૂપિયા મૂકીને બોલ્યો, કાલે હું બળદ લેવા આવીશ. ગદાધરદાસ બોલ્યા : ભાઈ, મારી પાસે બળદ નથી, તું પૈસા લઈ લે. તો એણે કાલે મંગાવી રાખજો એમ કહી જવા લાગ્યો, તો ગદાધરદાસે કહ્યું, આ રૂપિયા મારી પાસે રહેશે, તો કાલે તને રૂપિયા કે બળદ કંઈ મળશે નહીં. પણ એ તો ચાલ્યો ગયો. ગદાધરદાસ સમજી ગયા કે લોકોએ આને ભરમાવ્યો છે. હવે શું કરવું ?

એમણે સો રૂપિયાની સામગ્રી મંગાવી, સિદ્ધ કરી શ્રીઠાકોરજીને ભોગ લગાવ્યો, અને વૈષ્ણવોને મહાપ્રસાદ પીરસતા હતા, ત્યારે પેલો વણઝારો આવ્યો. એને જોઈને ગદાધરદાસ બોલ્યા : તું સમયસર આવ્યો છે. આ બધા વૈષ્ણવો મારા ઠાકોરજીના વાછરડા અને બળદ છે, તને પસંદ હોય એમને લઈ જા. વણઝારો શુદ્ધ હૃદયનો હતો. એ સમજી ગયો કે લોકોએ એની સાથે દ્વેષપૂર્ણ વ્યવહાર કર્યો છે. એણે વિચાર્યું કે એના ધનનો પ્રભુએ અંગીકાર કર્યો છે અને એનાથી ભક્તોએ મહાપ્રસાદ આરોગ્યો છે. તેથી એણે ગદાધરદાસનાં ચરણોમાં પ્રણામ કર્યા, એમણે એને પણ મહાપ્રસાદ આપ્યો, જેને આરોગવાથી એની બુદ્ધિ નિર્મળ બની ગઈ. પ્રભુસ્મરણ કરતો એ પ્રસન્નચિત્ત બની ચાલ્યો ગયો

આવા શ્રીવલ્લભના સેવક ગદાધરદાસને વારંવાર નમસ્કાર.

* * *

(૫) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીરામદાસજી

(પ્રભુ ભક્તિ આપવા ઇચ્છે ત્યારે પોતાના ભક્તોના મનમાંથી અહંતા-મમતા દૂર કરે છે.)

એક ધનવાન સારસ્વત બ્રાહ્મણને સૂર્યોપાસનાના ફળરૂપે રામદાસજી નામનો પુત્ર થયો. એમનાં લગ્ન પછી પિતાનો દેહાન્ત થયો. કેટલાક સમય પછી રામદાસજીને એક મર્યાદામાર્ગના દૈવી વૈષ્ણવનો સંગ થયો. શ્રીમહાપ્રભુજી મર્યાદા અને પુષ્ટિજીવોને દૈવી માને છે, જેમના ઉદ્ધાર માટે પોતે અવતર્યા હતા. એ મર્યાદામાર્ગવાળો વૈષ્ણવ રામદાસજીને તીર્થયાત્રા માટે ગંગાસાગર લઈ ગયો. તેઓ ત્રણ દિવસ ત્યાં રહ્યા. ચોથા દિવસે રસોઈ બનાવવા માટે રામદાસ ખાડો ખોદતા હતા, ત્યારે એમને શ્રીલાલજીનું એક મનોહર સ્વરૂપ મળ્યું. એમણે એને ગંગાજળથી નવડાવ્યું, મર્યાદી મિત્રે કહ્યું : રામદાસ, તમે ખૂબ ભાગ્યશાળી છો, કે તમને નાની ઉંમરમાં પ્રભુ સ્વયં પ્રાપ્ત થયા. તમે ઠાકોરજીની પૂજા કરતા પહેલાં કોઈને ગુરુ બનાવો. અત્યારે દક્ષિણમાં પંડિત સભામાં માયાવાદનું ખંડન કરી વિજય પ્રાપ્ત કરનારા શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું નામ સૌની જીભ પર રહે છે. મારું માનો તો એમને ગુરુ બનાવો.

તરત જ રામદાસ સીધા શ્રીમહાપ્રભુજી પાસે પહોંચી એમનાં ચરણોમાં પડી વિનંતી કરી : મહારાજ, મને આપની શરણમાં લઈ સેવક બનાવો. શ્રીમહાપ્રભુજીએ પ્રભુના કૃપાપાત્ર ઉત્તમ દૈવી જીવને બ્રહ્મસંબંધ આપ્યો અને કહ્યું કે હવે તમે પ્રભુના દાસ, વૈષ્ણવ બન્યા. તમે પુષ્ટિમાર્ગની રીતે શ્રીઠાકોરજીની સેવા કરો. પણ તમારા મર્યાદામાર્ગના મિત્ર સાથે ખાવાપીવાનો નિર્વાહ કેવી રીતે થશે ? સોળ વર્ષના શ્રદ્ધાળુ રામદાસે કહ્યું : મારી પાસે ખૂબ ધન છે. આજથી હું અવ્યાવૃત્ત બની અપરસમાં જ પ્રભુ સેવા કરીશ. શ્રીમહાપ્રભુજીએ એમના ઠાકોરજીને પંચામૃતથી નવડાવી, પાટ બેસાડી શ્રીનવનીતપ્રિયજી એવું નામ આપ્યું. રામદાસ અપરસમાં રહીને

આઠે પ્રહર પોતાના શ્રીઠાકોરજીની સેવા કરવા લાગ્યા. પત્નીનો સંગ તથા બધો લૌકિક વ્યવહાર છોડી દીધો. એમના અધિક ધનનો ઉપયોગ તેઓ શ્રીઠાકોરજીની સેવામાં જ કરાત, પણ એમના મનમાં દ્રવ્યનો થોડો અહં હતો. એ છોડાવવા શ્રીઠાકોરજીએ એમનું ધન ધીમે ધીમે ઓછું કર્યું. શ્રીમદ્ ભાગવતમાં એમણે કહ્યું છે કે જેના પર હું અનુગ્રહ કરું છું, એનું ધન ધીમે ધીમે હરી લઉં છું. ધન ઓછું થતાં વિચારીને રામદાસે શરાફીનો ધંધો શરૂ કરી તાતીનને વ્યાજ પર ધન આપવા લાગ્યા. એમાં એમને બહુ ધન મળવા લાગ્યું, ત્યારે શ્રીઠાકોરજીએ એક દિવસ રામદાસને કહ્યું : રામદાસ, તું તો મને તાતીનના સહારે રાખે છે. એ સાંભળતાં જ રામદાસે ચોંકી જઇને કહ્યું: મહારાજ, મારી ભૂલ થઈ. તરત જ એમણે બધા તાતીન પાસેથી ધન પાછું લઈ લીધું અને શરાફી બંધ કરી. ધીમે ધીમે ધન પૂરું થઈ ગયું. હવે શું કરવું ? તેઓએ એક વેપારી પાસેથી વ્યાજ પર ધન મેળવી સામગ્રી લાવવા લાગ્યા. આવક ન હતી, તેથી ધન પાછું આપવાની તો વાત જ ન હતી. અધિક કરજ થતાં વ્યાપારીએ એમને ટોક્યા, તેથી તેઓને દુઃખ થયું અને વ્યાપારીથી નજર બચાવવા લાગ્યા. એમની આવી દશા જોઈ શ્રીનવનીતપ્રિયજીને દુઃખ થયું અને એમણે એ વ્યાપારીને બધી રકમ ચૂકવી દીધી તેમજ રામદાસના સો રૂપિયા એની પાસે જમા રહ્યા.

રામદાસ આ વાત જાણતા ન હતા. તેથી વ્યાપારીને ટાળતા હતા. એક દિવસ વેપારીએ એમની પાસે આવીને કહ્યું : રામદાસજી, તમે સોદો ભલે ન લો, પણ દુકાન પર આવી તમારા સો રૂપિયા તો લઇ જાઓ. ત્યારે રામદાસ બધું સમજી ગયા કે એમની અવ્યાવૃત્તિની હઠને કારણે શ્રીઠાકોરજીને શ્રમ કરવો પડે છે, જે સારું નથી. એમણે હથિયાર બાંધેલા સિપાઇની નોકરી કરી ધન મેળવવાનો નિશ્ચય કર્યો, એનાથી એમને પ્રતિષ્ઠા અને ઘણું ધન મળવા લાગ્યું. છતાં યથાસમય અપરસમાં રહી ઠાકોરજીની સેવા કરતા રહ્યા. હવે એમને ધનનો અહંકાર ન રહ્યો, પણ પોતાની અપરસનો થોડો અહંકાર રહ્યો તો. સિપાઇની નોકરીમાં અપરસનો નિર્વાહ

મુશ્કેલ હતો. ધીરેધીરે એમની અપરસ દૂર થવા લાગી. અપરસનો નિર્વાહ થાય કે ન થાય સેવા તો કરવી જ હતી.

એક દિવસ શ્રીમહાપ્રભુજીનાં દર્શન માટે એ અડેલ પહોંચ્યા અને હથિયારધારી સિપાઇના વેશમાં એમને દંડવત્ પ્રણામ કર્યા. બીજા વૈષ્ણવોને ખોટું લાગ્યું. પણ શ્રીમહાપ્રભુજીએ એમના અનન્ય ભક્તિભાવની પ્રશંસા કરી અને કહ્યું રામદાસ, ધન્ય છે તમને કે તમે ઠાકોરજીને પરિશ્રમ કરાવતા નથી.

રામદાસ અડેલમાં રોકાયા. ત્યાં મહાપ્રભુજીએ પોતાના ઘર પાસે આવેલા ખાડાને પૂરી દેવા સેવકોને આજ્ઞા આપી. બધા સેવકો ફાટેલાં મેલાં વસ્ત્ર પહેરી ખાડામાં માટી નાખવા લાગ્યા, પણ રામદાસ પોતાના વેશમાં જ મોટા ટોપલા વડે માટી નાખતા હતા. અને મહાપ્રભુજી શ્રીયમુનાજીમાં સ્નાન કરી પાછા આવ્યા, ત્યાં સુધીમાં તેમણે ખાડો ભરી દીધો હતો. એમનાં ધૂળવાળાં વસ્ત્રો જોઇને શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા અને એમને ધન્યવાદ આપ્યા. રામદાસે સિપાઇની પ્રતિષ્ઠાનો વિચાર કર્યા વિના ભગવત્સેવામાં શરમ અનુભવી ન હતી. એમના મનમાંથી અહંકાર નષ્ટ થયો હતો અને તન મનથી સાચા ભગવત્સેવક બન્યા હતા.

એક વર્ષમાં એમણે ઘણું ધન એકઠું કરી, નોકરી છોડી દઈ ઘેર આવી ઠાકોરજીની સેવા કરવા લાગ્યા. એમને સંતાન ન હતું તેથી એમની પત્નીએ એમને બીજું લગ્ન કરવા કહ્યું, તો રામદાસે એમને સંતાન જોઈતું નથી એમ કહેતાં પત્ની બોલી : ઠીક છે, તમારે સંતાન ન જોઈએ, પણ મારે એક પુત્ર જોઈએ છે. રામદાસે કહ્યું એમ હોય તો તું શ્રીનવનીતપ્રિયજીને જ પોતાનો પુત્ર કેમ માનતી નથી ? તું એમને પુત્રની જેમ પ્રેમ કર, એથી તારો મનોરથ પૂર્ણ થશે. પત્નીએ ભાવથી એમ કર્યું, તો શ્રીનવનીતપ્રિયજીની કૃપાથી એમને પુત્રપ્રાપ્તિ થઈ. એવા ભગવદીય શ્રીરામદાસજીને વંદન.

* * *

(૬) શ્રીમહાપ્રભુજીના સેવક
શ્રીદિનકરદાસજી શેઠ

આપણા ગુરુદેવ શ્રીવલ્લભાચાર્યે ષોડશ ગ્રન્થોમાંના એક ભક્તિવર્દ્ધિની ગ્રંથમાં આજ્ઞા કરી છે કે જે જીવ ભગવાનનાં સ્વરૂપની સેવામાં કે ભગવાનનાં ચરિત્રની કથામાં દઢપણે આસક્ત હોય, એની કદાપિ દુર્ગતિ થતી નથી. આપની આજ્ઞા મુજબ પ્રત્યેક પુષ્ટિજીવે ભગવાનની સેવામાં કે કથામાં આસક્ત રહેવું જોઈએ. દિનકર શેઠ નામના વૈષ્ણવની બચપણથી જ ભગવત્કથા સાંભળવામાં આસક્તિ હતી. એમની એ આસક્તિ જોઈને શ્રીમહાપ્રભુજીએ એમને પોતાની કથાના મુખ્ય શ્રોતા બનાવ્યા હતા. જ્યાં સુધી એ ન આવે ત્યાં સુધી તેઓ ભાગવતની કથા શરૂ કરતા ન હતા. એમને અનુલક્ષીને શ્રીમહાપ્રભુજીએ મુખ્ય શ્રોતાનાં લક્ષણો વર્ણવતાં કહ્યું હતું કે જે શ્રીકૃષ્ણરસથી વિક્ષિપ્ત મનવાળા, નિષ્કામ અને લોક તથા વેદથી નિવૃત્ત થયા હોય એ મુખ્ય શ્રોતા કહેવાય.

દિનકરજીનો જન્મ પ્રયાગના અત્યંત ધનવાન ક્ષત્રિયના ઘરમાં થયો હતો. પાંચ વર્ષની ઉંમરથી જ એમનું મન ભગવત્કથા સાંભળવામાં લાગી ગયું હતું. શહેરમાં જ્યાં કથા થતી હોય ત્યાં જઈ તેઓ સાંભળતા. દસ વર્ષના થતાં એમનો કથાપ્રેમ કથાસક્તિમાં પરિવર્તિત થઈ ગયો. કથા સાંભળ્યા પછી પ્રસન્ન થઈ તેઓ પોતાનાં વસ્ત્ર અને અલંકારો કથાકારને આપી દેતા. કથાકાર અને અન્ય શ્રોતાઓ એમને દિનકર શેઠ કહીને બોલાવતા અને એમનો આદર કરતા. પણ એમના માબાપ અને ત્રણ ભાઈઓ એમને ચોર ગણી ક્યારેક મારપીટ પણ કરતા, જેની કોઈ અસર એમના પર ન થતી. તેઓ બધું સહન કરતા અને કથા સાંભળતા.

એક દિવસ એમના મોટાભાઈના લગ્નપ્રસંગે ઘરના બધા લોકો બની ઠનીને જાનમાં જઈ રહ્યા હતા. નાના દિનકરજી પણ જરીનાં વસ્ત્રો અને કિંમતી આભૂષણો પહેરી ઘોડા પર સવાર થઈ કન્યાપક્ષવાળાઓના ઘર તરફ જઈ રહ્યા હતા. રસ્તામાં એમણે એક જગ્યાએ કથા થતી જોઈ, તો એમનું મન વિહ્વળ થઈ ગયું. તેઓ કન્યાના ઘર સુધી પહોંચ્યા તો ખરા, પણ જ્યારે બધાનું મન લગ્નવિધિમાં વ્યસ્ત થયું, તો તેઓ ચુપકીદીથી ત્યાંથી ભાગી જઈને કથાસ્થાને પહોંચી ગયા. કથા સાંભળીને પ્રસન્ન થયેલા એમણે પોતાના વસ્ત્રાલંકાર કથાકાર બ્રાહ્મણ અને બીજાઓને વહેંચી દીધા અને એમને સૂચના આપી કે આ વાત એમના ઘરવાળાઓને કહેવી નહીં. ઘેર જઈ એક મેલું ફાટેલું ધોતિયું પહેરી ખૂણામાં બેસી ભગવાનનાં ચરિત્રોનું સ્મરણ કરવા લાગ્યા.

લગ્ન પતી જતાં ઘરવાળાઓએ એમની શોધ કરી અને છેવટે ઘરમાં બેઠેલા જોયા. એમના શરીર પર વસ્ત્રાલંકારો ન જોતાં માતાપિતાએ પૂછ્યું પણ તેઓ કંઈ ન બોલ્યા, તો પિતાએ એમને ખૂબ મારીને ત્રણ દિવસ સુધી એક ઓરડામાં પૂરી રાખ્યા, છતાં એમણે કંઈ કહ્યું નહીં, તો એમને સુધારવાના નિરર્થક પ્રયત્નો છોડી દીધા.

હવે દિનકરજી આખો દિવસ કથા સાંભળતા, સાંજે ઘેર આવે અને માતા જેવું ખાવાનું આપે એ ચુપચાપ ખાઈ, બહાર ક્યાંય સૂઈ જતા. ઘરના બધા એમને ચોર માની ઘરમાં રહેવા દેતા નહીં. માતાપિતા હતા ત્યાંસુધી એમનો નિર્વાહ થતો રહ્યો, પણ એમના મૃત્યુ પછી ભાઈઓએ એમને ઘરમાંથી કાઢી મૂક્યા. દિનકર શેઠે વિચાર્યું કે હવે આ નગર છોડી ક્યાંક બીજે જવું પડશે. જતાં તેઓ પ્રયાગના ત્રિવેણી સંગમ પર આવ્યા, તો ત્યાં શ્રીમહાપ્રભુજીના સેવક કૃષ્ણદાસ મેઘન સ્નાન કરતા હતા એમને જોતાં દિનકરજીએ પૂછ્યું કે આપ અહીંના વતની જણાતા નથી, તો તમે કોઈ ઉત્તમ કથાકારને જાણતા હો તો મને કહો, હું કથા સાંભળવા માગું છું. મારા માતાપિતા મૃત્યુ પામ્યા છે, ભાઈઓ સાથે બનતું નથી, એમણે મને ચોર

સમજી ઘેરથી કાઢી મૂક્યો છે. મેં લગ્ન કર્યું નથી તેથી કોઈ સાંસારિક ચિંતા નથી, માટે સારો કથાકાર મળે તો હું નિરંતર કથા સાંભળવા ઈચ્છું છું. કૃષ્ણદાસ સમજી ગયા કે કોઈ દૈવી જીવ છે, તેથી કહ્યું કે તમે સીધા અડેલ ચાલ્યા જાઓ અને ત્યાં આચાર્ય શ્રીમહાપ્રભુજી પાસેથી ભાગવતકથા સાંભળો. ત્યાં પહોંચી એમણે આચાર્યચરણોમાં દંડવત્ પ્રણામ કર્યા. શ્રીમહાપ્રભુજીએ કહ્યું : દિનકર શેઠ, બેસો અને શ્રીકૃષ્ણલીલામૃતનું પાન કરો. દશમ સ્કન્ધના ભ્રમરગીતનો પ્રસંગ સાંભળતાં એમનું હૃદય રસામૃતથી ભરાઈ ગયું, આંસુ વહેવા લાગ્યાં અને દેહભાન ભૂલી ગયા. ભાનમાં આવતાં શ્રીમહાપ્રભુજીની ચરણોમાં પડી પ્રાર્થના કરી : મહારાજ, કૃપા કરી મને આપની શરણમાં રાખો. એમણે બ્રહ્મસંબંધ મંત્ર આપ્યો અને કહ્યું : હવે ભગવત્સેવા કરો. દિનકરજીની ઈચ્છા કથાશ્રવણરૂપ સેવા કરવાની છે, એમ જાણી આચાર્યજીએ એમને પોતાની પાસે રહેવાની અનુમતિ આપી. કથામાં આસક્ત દિનકરજી વૈશ્વાનરાવતાર શ્રીવલ્લભના શ્રીમુખે કથા સાંભળતાં કૃષ્ણરસથી વિક્ષિપ્ત મનવાળા બન્યા અને સાંસારિક પદાર્થોનો પ્રેમ છોડી દીધો.

દિનકર શેઠ હમેશાં દાળબાટી પર નિર્વાહ કરતા. એક દિવસ યમુનાતટ પર બેસી લોટ બાંધી અંગારખી વણી રહ્યા હતા, એને ચૂલા પર શેકવા જતા હતા, તો શ્રીમહાપ્રભુજીના એક સેવક ત્યાં પાણી ભરવા આવ્યા. એમને પૂછતાં ખબર પડી કે આચાર્યશ્રીએ પોથી ખોલી છે અને થોડીવારમાં કથા શરૂ કરશે. એમ સાંભળતાં દિનકરજીએ કાચી અંગારખી પ્રભુને અર્પણ કરી પોતે ખાઈ, પાણી પીને દોડતા કથાસ્થાન પહોંચી ગયા અને કથારસમાં મગ્ન થઈ ગયા. કથા પૂરી થતાં સેવકે બધી હકીકત જણાવી, તો શ્રીમહાપ્રભુજીએ દિનકર શેઠને કહ્યું : તમે એવું કેમ કર્યું ? કાચી અંગારખી પ્રભુને અર્પણ કરવી એ અપરાધ છે અને સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. દિનકરજીએ કહ્યું : મહારાજ, અંગારખી શેકવા રોકાતો તો કથામૃતપાનથી વંચિત થવું પડતું. દેહનું સ્વાસ્થ્ય તો ઔષધથી ફરીથી પ્રાપ્ત થાય, પણ મારા આત્માનું સ્વાસ્થ્ય આપે આપેલા કથામૃત મહૌષધ વિના શી રીતે રહી શકત ? ત્યારે શ્રીમહાપ્રભુજીએ કહ્યું : આજ પછી સામગ્રી સિદ્ધ કરી પ્રભુને નૈવેદ્ય આરોગાવી, સ્વયં પ્રસાદ લઈ અહીં આવવું. જ્યાંસુધી તમે નહીં આવો, ત્યાં સુધી કથા શરૂ નહીં થાય. આજથી તમે મારી કથાના મુખ્ય શ્રોતા છો. તમારી કથાસક્તિ જોતાં મેં આ નિશ્ચય કર્યો છે.

ત્યારથી શ્રીમહાપ્રભુજી દિનકર શેઠની ગેરહાજરીમાં કથા શરૂ ન કરતા. જો કે હવે તો તેઓ હંમેશા જલ્દી સામગ્રી સિદ્ધ કરી પ્રભુને આરોગાવી, સ્વયં મહાપ્રસાદ લઈ સમયસર કથામાં પહોંચી જતા. પોતાના માટે શ્રીમહાપ્રભુજીને રાહ જોવી પડે, એ એમને ઠીક લાગતું ન હતું. શ્રીમહાપ્રભુનાં પ્રમેયબળથી અને કથામાં આસક્તિથી દિનકર શેઠને શ્રીકૃષ્ણલીલાઓનો સ્વાનુભવ થતો હતો.

* * *

(૭) શ્રીમહાપ્રભુજીના સેવક શ્રીગજ્જન ધાવન

(શ્રીકૃષ્ણનું વ્યસન થતાં ભક્ત કૃતાર્થ થાય છે.)

ક્ષત્રિયકુળના ગજ્જન ધાવન એવા વૈષ્ણવ હતા. જેમને શ્રીકૃષ્ણનું વ્યસન થઈ થયું હતું. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે તેઓ કૃતાર્થ થઈ ગયા હતા, એમના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ શ્રીકૃષ્ણ જ હતા. તેઓ આચાર્ય શ્રીવલ્લભના એક નિષ્ઠ સેવક હતા, જેમણે એમને સેવા માટે શ્રીનવનીતપ્રિયજીનું સ્વરૂપ આપ્યું હતું, જે આજે શ્રીનાથજી પાસે નાથદ્વારામાં બિરાજે છે. ગજ્જન શ્રીનવનીતપ્રિયજીની સેવા પૂર્ણ પ્રેમથી કરતા, જેથી પ્રસન્ન થઈ પ્રભુ એમની સાથે વાતો કરતા તથા રમતા હતા, એમાં ખાસ કરીને ગજ્જનને ગાય, ઘોડો કે હાથી બનાવી એમની ઉપર સવારી કરતા હતા. ગાય બનાવી ચરાવવા લઈ જતા ત્યારે શ્રમિત ગાયનું મુખ ઠાકોરજી પોતાના પીતામ્બરથી લૂછતા. ઘોડો કે હાથી બનાવી એમના પર સવારી કરતા. શ્રીઠાકોરજીને સવાર બનાવી ગજ્જન ચાલતા ત્યારે એમના ઘુંટણ ઘસાઈ જતા, છતાં તેઓ સ્વરૂપાનંદમાં મગ્ન રહેવાથી દેહભાન ભૂલી જતા. જ્યારે શ્રીનવનીતપ્રિયજીને લાગ્યું કે ગજ્જન વ્યસનકક્ષા સુધી પહોંચી ગયા છે, એમનું મન સદા મારામાં મગ્ન રહે છે, તેથી સેવાવિધિના નિયમોનું પાલન કરી શકતા નથી. તેથી પ્રભુએ ગજ્જનને કહ્યું કે તમે મને શ્રીઆચાર્ય વલ્લભને સોંપી દો અને ત્યાં જ રહો. ગજ્જને તરત ગોકુળ જઈ પ્રભુને સોંપતાં કહ્યું કે શ્રીનવનીતપ્રિયજી સ્વેચ્છાથી આપની પાસે પધાર્યા છે. પ્રભુ સાથે પાત્ર કે શય્યા જેવાં સાધનો ન હતાં, એ વિષે પૂછતાં ગજ્જને કહ્યું કે પ્રભુની આજ્ઞાથી તેઓ જેવા છે એવા લઈને હું અહીં આવ્યો છું. શ્રીમહાપ્રભુએ હસીને ઠાકોરજીને પોતાની પાસે રાખ્યા. હવે ગજ્જન કંઈ કર્યા વિના આચાર્યશ્રી દ્વારા સેવાવિધિ થાય ત્યારે અને પછી સદા પ્રભુનું મુખ જોતા અને વાતો કરતા. રાજભોગ પછી અનૌસરના સમયે પણ તેઓ સેવાઘરમાં રહી પ્રભુ સાથે રમતા, કદાપિ પ્રભુથી અલગ ન રહેતા. શ્રીમહાપ્રભુજી ગજ્જનનું કૃષ્ણવ્યસન જાણતા હતા અને એવો જીવ આઠે પહોર અપરસમાં જ રહે છે, એ કારણે આજ્ઞા આપી હતી કે કોઈએ ગજ્જનને સેવાઘરમાં જતાં રોકવો નહીં. જેના મનને લૌકિક સંબંધો તથા ભાવો સ્પર્શતા ન હોય એને અસ્પર્શ કે અપરસ કહે છે. ગજ્જન સદા અપરસમાં રહેતા હતા.

એક દિવસ શ્રીમહાપ્રભુજીનાં વહુજી શ્રીઅક્કાજીએ, બીજો કોઈ સેવક ન જોતાં, ગજ્જનને પાન લેવા મોકલ્યા. તેઓ પાન લેવા ચાલ્યા પણ ઠાકોરજીથી અલગ ન રહી શકવાના કારણે એમના હૃદય અને પગની ગતિ વિલોમ થઈ ગઈ. પગ દુકાન તરફ અને હૃદય પ્રભુ તરફ જવા લાગ્યું, પરિણામે બંનેની ગતિ રોકાતાં, દેહ ભાન ભૂલી તેઓ જમીન પર બેભાન બની પડી ગયા. રાજભોગનો સમય થતાં આચાર્યશ્રીએ શ્રીનવનીતપ્રિયજી સમક્ષ સામગ્રીનો થાળ મૂક્યો ત્યારે પ્રભુએ કહ્યું કે ગજ્જનના આવ્યા પછી જ હું ભોજન કરીશ. એમણે ત્યાં ગજ્જનને ન જોતાં સેવકોને પૂછ્યું તો કોઈને ખબર ન હતી. ત્યારે શ્રીઅક્કાજીએ કહ્યું કે એમણે એને પાન લેવા મોકલ્યો છે. શ્રીમહાપ્રભુજીએ કહ્યું કે હવે ક્યારે પણ ગજ્જનને ક્યાંય પણ મોકલશો નહીં, શ્રીપ્રભુજી એના વિના રહી શકતા નથી તપાસ કરતાં ખબર પડી કે ગજ્જન તો પાનની દુકાન પાસે બેભાન બનીને પડ્યા છે, ત્યારે શ્રીમહાપ્રભુજીએ સેવકને પાન લાવવા અને એ પહેલાં ગજ્જનને મોકલવા આજ્ઞા કરી. સેવક પાનની દુકાન પાસે જઈ ગજ્જનના કાનમાં કહ્યું કે તમે જલદી જાઓ, શ્રીમહાપ્રભુજી તમને બોલાવે છે. ઠાકોરજી તમારા વિના ભોજન આરોગતા નથી. આવા શબ્દો કાનોમાં પડતાં જ ગજ્જન ઊઠીને દોડ્યા અને શ્રીનવનીતપ્રિયજી પાસે પહોંચી ગયા. આ એમની ફલદશા હતી.

* * *